**BARODA HIGH SCHOOL, ONGC (Afternoon Shift)**
**Primary Section**
**UT- I Examination: 2025-26**
**Subject: - GUJARATI**

**Date: 06/08/25** **Std - VI** **Marks: 25**

**પ્રશ્ન- ૧ (અ) ખાલી જગ્યા પૂરો :** **(૩)**

૧) પરીએ _________ પગમાંથી કાંટો કાઢી દીધો.
૨) કૌરવો – પાંડવોએ પરીક્ષામાં ________ ને વીંધવાનું હતું.
૩) પંખીઓ __________ નું ગાન કરે છે .
૪) ' ચોટદૂક ' – પાઠના લેખકનું નામ __________ છે.
૫) કમળપુર પાસેના જંગલમાં __________ વાઘ આવ્યો હતો.
૬) ધનુષ્યવિદ્યા માટે ___________ નું કૌશલ્ય વધુ મહત્વનું છે .

**(બ) ખરાં વિધાનો સામે ( √ ) અને ખોટાં વિધાનો સામે ( X ) નિશાની કરો :** **(૨)**

૧) બકાની નિશાળ નદીથી ખુબ દુર હતી .
૨) પંખીઓ ધરતીના ગુણ- ગાન ગાય છે.
૩) કમળપુર ગામના લોકોને ચોરોનું દુખ હતું.
૪) કંઈક ખાવાની હરીફાઈ હોત તો ભીમ મેદાન મારી જાત .

**(ક) નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરી એક વાક્ય બનાવો :** **(૨)**

૧) મોબાઈલ , સાધન    ૨) તળાવ , કમળ

**(ડ) નીચેના શબ્દોમાં ક્યા બે વ્યંજનો જોડાઈને જોડાક્ષર શબ્દ બન્યો છે તે લખો :** **(૨)**

૧) મચ્છર    ૨) તલ્લીન    ૩) પથ્થર    ૪) શક્તિ

**(ઈ) નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો :** **(૧)**

૧) એકની વાત બીજાને કહી દેનાર
૨) જળમાં રહેનારો રાક્ષસ

**પ્રશ્ન –૨ (અ) નીચેના સવાલોના જવાબ બે - ત્રણ વાક્યમાં લખો : <u>ગમે તે ત્રણ</u>** **(૬)**

૧) દ્રોણાચાર્ય શા માટે નિરાશ થયા ?
૨) બકાએ ખેડૂતોને બંદૂક વાપરવાની શા માટે ના પાડી ?
૩) સંપીને કેમ રહેવું જોઈએ ?
૪) અર્જુન – વિષે ટુંકનોધ લખો.

**(બ) કાવ્યપંક્તિ પૂર્ણ કરો :** **(૨)**

વિહરીએ કદી .......
...........ઉમંગી . એક જ ડાળના પંખી

**(ક) નીચેના વાક્યોનો તમારી પ્રથમ ભાષામાં (English) અનુવાદ કરો :** **(૨)**

૧) તને પંખી બરાબર દેખાય છે ને ?

૨) બકાભાઈ નદી કિનારે રમતા હતા .

**પ્રશ્ન – ૩ નીચે આપેલા ફકરાને વાંચી પૂછેલા પ્રશ્નોના જવાબ લખો : (૫)**

કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે પરિશ્રમ કરવો જરૂરી છે. કેટલાક લોકો નસીબને ભરોસે બેસી રહે છે. નસીબને ભરોસે બેસી રહેનારને કદી સફળતા મળતી નથી. જંગલમાં રાજા ગણાતા સિંહને પણ પોતાના ખોરાક મેળવવા માટે જાતે શિકાર કરવા જવું પડે છે. વિદ્યાર્થી નસીબને ભરોસે બેસી રહે અને અભ્યાસ ન કરે તો તે નાપાસ જ થાય. વેપારી દુકાને ન જાય અને ઘરે જ બેસી રહે તો એનો વેપાર જ ન ચાલે. જે વ્યક્તિ પરિશ્રમ કરે છે તેને તેના જીવનમાં અવશ્ય સફળતા મળે છે. મહેનત કરનારી વ્યક્તિને નસીબ પણ યારી આપે છે. ક્યારેક મહેનત કરવા છતાં આપણને ધારી સફળતા મળતી નથી. તેનું કારણ આપણી મહેનતમાં રહેલી કચાશ હોઈ શકે. તે વખતે આપણે આપણામાં રહેલી કચાશ શોધી કાઢવી જોઈએ અને ફરી ઉત્સાહથી બેવડો પ્રયત્ન કરવો જોઈએ. આપણે સતત પરિશ્રમ કરતા રહીશું તો આપણને સફળતા અવશ્ય મળશે.

**પ્રશ્નો:**

૧) પરિશ્રમ કરવો કેમ જરૂરી છે ?

૨) કોને જીવનમાં કદી સફળતા મળતી નથી ?

૩) વિધ્યાર્થી અભ્યાસ ન કરે તો શું થાય ?

૪) મહેનતમાં રહેલી કચાશ દૂર કરવા શું કરવું જોઈએ ?

૫) **સમાનાર્થી અર્થ લખો** : ૧) મહેનત ૨) ભાગ્ય